**–:: <u>આંક : ૧ લગત હુકમ</u> ::–**

૧. સદર કામે આરોપી સામે ધી ગુજરાત નશાબંધી અધિનીયમ–૨૦૧૬ ની કલમ–૬૬(૧)બી મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવતા, સમન્સ કરતા, આજરોજ આરોપી હાજર રહેલ છે. ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વૈચ્છાએ સદર ગુનો કબુલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ આ કામે રજુ રાખેલ છે. જેથી આરોપી સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું ફલીત થાય છે.

૨. નામ. માનવંત ગુજરાત હાઈકોર્ટ ધ્વારા *STATE OF GUJARAT vs. NATWAR HARCHANDJI THAKOR, 2005 (1) GLR 709* ના ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, The word "special" has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused. (Para 42; See also Paras 35, 43 and 44) જે પ્રસ્થાપિત સિધ્ધાંતને હાલના કેસની હકીકત સાથે લક્ષમાં લેવામાં આવે તો, હાલના જે આરોપી/ઓ ધ્વારા કબુલાત કરવામાં આવે છે, તેમની સામે કાયદામાં પ્રસ્થાપિત કરેલ સજાની જોગવાઇ કરતા, ઓછી સજા કરવી મુનાસીફ જણાય છે.

૩. સદર કેસનું રેકર્ડ તથા ફરીયાદ પેપર્સ ધ્યાને લેતા તેમજ આરોપીની આર્થીક સ્થિતી તથા સદર ગુના અંગે દયાની માંગણી જોતા, આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધારવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

આ કામના આરોપી સીધુ મેરૂભાઇ ચુડાસમાને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ મુજબ ઉપરોકત ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય બાદ સદર કામે મુદામાલ પૈકી વાહન/ મોબાઇલ અંગે જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય, તો તે આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે. અન્યથા મુદામાલ વાહન/મોબાઇલની ઈન્કવાયરી કરવી. મુદામાલ પૈકી પ્રોહીબીશનનો મુદામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : ઉના

**(જે. કે. ખાંટ)**
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઉના
કોડ નં.જીજે૦૧૦૮૬